# આગ પછી: એસ્બેસ્ટોસ જોખમો

## સમુદાય માહિતી

**આ માહિતી બુશફાયર દ્વારા અસરગ્રસ્ત રહેવાસીઓ અને મિલકત માલિકોને પ્રદાન કરવામાં આવી રહી છે. તેનો ઉદ્દેશ એસ્બેસ્ટોસ ફાઇબર્સ વિશેની ચિંતાઓ અંગે મદદ કરવાનો છે અને તે એસ્બેસ્ટોસની અન્ય માહિતીની સાથે વાંચવું જોઈએ, જે આ તથ્ય પત્રકના અંતે પ્રદાન કરે છે.**

## હું કેવી રીતે જાણી શકું કે એસ્બેસ્ટોસનો ઉપયોગ મારી મિલકત પર થયો હતો કે નહીં?

એસ્બેસ્ટોસ સામાન્ય રીતે તમામ પ્રકારની બિલ્ડિંગ્સમાં વપરાયા હતા (ઘરો અને શેડ્સ સહિત) જે 1990 ની પહેલા બંધાયા હતા. તે મોટે ભાગે દિવાલો અને છતોમાં, નીચેની લાદીઓમાં, છજ્જા અને ચીમનીમાં તથા વિનાઇલ ફ્લોરની ટાઇલ્સમાં અને પીઠબળ તરીકે લિનોમાં પણ એસ્બેસ્ટોસ સીમેન્ટ (એસી)માં વપરાયું હતું.

## શું એસ્બેસ્ટોસ ખતરનાક છે?

એસી બિલ્ડિંગ ઉત્પાદનો સામાન્ય રીતે વજન દ્વારા 5-15 ટકા એસ્બેસ્ટોસના બનેલા હોય છે. 1980 ના મધ્યથી, ઓસ્ટ્રેલિયામાં સિમેન્ટ ચાદરોનું એસ્બેસ્ટોસ સામગ્રી વગર ઉત્પાદન થાય છે. જો સામગ્રી 1990 કરતાં જૂની માનવામાં આવતી હોય, તો તેને એસ્બેસ્ટોસ ધરાવે છે તેમ ધારવું વાજબી છે, અને પરીક્ષણની સામાન્ય રીતે જરૂર નથી. આ ઉત્પાદનોમાં રહેલું એસ્બેસ્ટોસ ચુસ્ત રીતે બંધાયેલ છે, કારણ કે તેમાં સિમેન્ટ છે અને ઉત્પાદન સમયે સંકોચિત કરવામાં આવેલું છે.

ઘણા અભ્યાસો દર્શાવે છે કે આ ઉત્પાદનોમાંથી છૂટા પડતાં જોખમી ફાઇબર્સ ખૂબ જ ઓછા હોય છે. જો કે, તેમછતાં પાવર સોઇંગ, રેતીકામ અને શારકામ જેવી પ્રવૃત્તિઓ દરમિયાન શ્વસનમાં આવી શકે તેટલા ફાઇબર્સ હવામાં છૂટા થઈ શકે છે. નિષ્ણાતની સલાહ વગર આવા ઉત્પાદનો સાથેની આવી કોઇ પ્રવૃત્તિઓ હાથ ધરશો નહીં.

એસ્બેસ્ટોસ ફાઇબર્સ શ્વાસ દ્વારા ફેફસામાં લેવામાં આવે તો તે આરોગ્ય માટે જોખમરૂપ બને છે. ફાઇબર્સ કે જે સિમેન્ટ સાથે જોડાયેલ અથવા આગને કારણે રાખ અને કચરામાં હોય તો બિલ્ડિંગના મુલાકાતીઓ અથવા સામાન્ય જનતા માટે કોઈ આરોગ્ય જોખમ ઊભું થતું નથી જ્યાં સુધી ફાઇબર્સને વિક્ષેપિત કરીને પછી શ્વસનમાં લેવામાં ન આવે.

## મારું ઘર આગને લીધે ક્ષતિગ્રસ્ત થયું હતું. શું હું એસ્બેસ્ટોસ ફાઇબર્સના જોખમે છું?

સંશોધન બતાવે છે કે એસ્બેસ્ટોસ-ધરાવતી સામગ્રીનો સમાવેશ કરતી ઘરની આગ, આસપાસનાં વિસ્તારમાં એસ્બેસ્ટોસ ફાઇબર્સના તે સ્તરોમાં પરિણમતી નથી કે જે આરોગ્ય માટે જોખમ ઊભું કરવા પર્યાપ્ત હોય. આ એ કારણે કે આગ દરમિયાન એસ્બેસ્ટોસ ફાઇબર્સનું જે પ્રમાણ છૂટું થાય છે તે અપેક્ષાકૃત ઓછું હોય છે.

જો કે, તેમછતાં એસ્બેસ્ટોસ ક્લમ્પ્સ અને કેટલાક ફાઇબર્સ મિલકત પર રહી શકે છે અને જોખમનું કારણ બની શકે છે જો રાખ અથવા કચરામાં ખલેલ પાડવામાં આવે અને શ્વાસમાં લેવામાં આવે.

જો તમે મિલકતની ફક્ત મુલાકાત લઈ રહ્યાં હોવ પરંતુ સાફ-સફાઈ ન કરી રહ્યાં હોવ, તો હવામાં ભળેલી ધૂળ અને આગ-પ્રભાવિત ઘરોમાંના અન્ય જોખમોના સંપર્કને ન્યૂનતમ કરવા એક સુરક્ષાત્મક કિટ પહેરી શકો છો. બુશફાયર-પ્રભાવિત ઘરના માલિકો માટે સુરક્ષાત્મક કિટ તમારી સ્થાનિક કાઉન્સિલમાં ઉપલબ્ધ હોય છે.

જો એસ્બેસ્ટોસ-ધરાવતી સામગ્રીઓ તમારી મિલકત પર બળી ગઈ હોય અથવા તમે એ બાબતે ચોક્કસ નથી, તો પરવાનો ધરાવતા એસ્બેસ્ટોસ રીમૂવલિસ્ટની સાફ-સફાઈ કાર્ય કરવા માટે વ્યવસ્થા કરવી જોઈએ. આ તમારી સ્થાનિક કાઉન્સિલ દ્વારા આયોજિત કરી શકાય છે.

## વધુ માહિતી માટે

Better Health Channel 2016, એસ્બેસ્ટોસ અને તમારું આરોગ્ય (Asbestos and your health)

www.betterhealth.vic.gov.au/health/healthyliving/asbestos-and-your-health

enHealth 2013, એસ્બેસ્ટોસ: ઘરગથ્થુઓ અને સામાન્ય જનતા માટેની એક માર્ગદર્શિકા (Asbestos: A guide for householders and the general public)

www2.health.vic.gov.au/public-health/environmental-health/environmental-health-in-the-home/asbestos-in-the-home

Noel Arnold & Associates 2006, એસ્બેસ્ટોસ ફાઇબર દૂષણ પર આગની અસરની તપાસણી પરનો અહેવાલ (Report on the investigation of the effect of fire on asbestos fibre contamination)

www2.noel-arnold.com.au/content/uploads/pdfs/Articles/Fire/Asbestos%20info%20for%20web.pdf

બુશફાયર્સથી સંબંધિત સમુદાય તથ્ય પત્રકો

www2.health.vic.gov.au/emergencies/emergency-type/natural-disasters/bushfire-factsheets

વધુ માહિતી અને સલાહ માટે, તમારી સ્થાનિક કાઉન્સિલના પર્યાવરણીય આરોગ્ય વિભાગનો સંપર્ક કરો.

વિક્ટોરિયન સરકાર, 1 Treasury Place, Melbourne દ્વારા અધિકૃત અને પ્રકાશિત.
© વિક્ટોરિયા રાજ્ય, Department of Health, ફેબ્રુઆરી 2021.